॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# હંસતાલેવા ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

|| શ્રી પરમગુરવે નમઃ ||



# હંસતાલેવા ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

**પ્રેરણામૂર્તિ :**

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર


**સંકલન-અનુવાદ**

શ્રી બીપીન આર. શાહ

૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ

website: www.kaivalgyan.org



**પ્રકાશક**

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# હંસતાલેવા ગ્રંથ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition: March 2016**
**Price: Rs. 350/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-1-6**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

**મુદ્રણ સ્થાન**
કાવ્ય પ્રિન્ટર્સ, અમદાવાદ
M: +91 9825679796

website: www.kaivalgyan.org

**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસામ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**
**શાહ પરિવાર**

Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ. જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલજ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણા થકી આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો. અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ "નિત્ય નિયમ ઉપાસના પાઠ" (સટીક) ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે !

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને મને પરમગુરુની કૃપા થકી જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કરવાની પ્રેરણા થઈ.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

"હંસતા લેવા" ગ્રંથનો અર્થ જ સ્પષ્ટ કરે છે કે આ ગ્રંથની ચોપાઈઓનો રાગ હંસની ચાલની જેમ ખૂબ જ સરળ અને એકધારી ગતિનો છે. વળી, તેમાં પ્રસ્તુત જ્ઞાનને હંસની ગતિવાળા થઈને સમજવામાં આવે તો જ સમજી શકાય તેમ છે. સૃષ્ટિના પ્રારંભથી ચાલ્યું આવતું પરંપરાગત બ્રહ્મજ્ઞાન અને સગુણ દેવી-દેવતાઓના સગુણ સિદ્ધાંતથી પરે એટલે કે, વેદોએ જે પદની નેતિ પોકારી છે, તેનાથી પણ પરે રહેલા પરમપદનું જ્ઞાન આ ગ્રંથમાં દર્શાવેલું છે.

આ ગ્રંથમાં કુલ ૫૨ (બાવન) અંગોની રચના કરી કુવેરસ્વામીએ પરમપદને પ્રાપ્ત કરવા અર્થે જ્ઞાન દર્શાવ્યું છે અને છેલ્લે ગ્રંથની સાખીઓ દ્વારા ગ્રંથના સારાંશ રૂપે કાયમપંથી માટે કૈવલના દેદાર પ્રાપ્ત કરવા અંશ ભાવે કરવામાં આવતી ભક્તિનો મહિમા દર્શાવ્યો છે. અંગ-૨૧માં શાલિગ્રામનું અને અંગ-૩૧માં કાળાં વાદળોનું દૃષ્ટાંત આપી પરમગુરુએ તેમના ઘનશ્યામ સ્વરૂપ અંગે સચોટ અને વ્યાવહારિક સમજ દર્શાવી છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **"વિવિધ વિક્ત કરી અરથ વિકાશો"** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી. એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**
સંત પુરુષોને સત્ કૈવલસાહેબ
ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. "વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ" નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું  કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન ........ vi
પ્રકાશકના બે બોલ ........ ix
મંગલાચરણ........ ૧
૧. અંગ ૧ વિશ્વબોધ કરનકો ........ ૨૦
૨. અંગ ૨ હિંદુ મુસલમાન શિખ (શિખામણ) કો ........ ૨૭
૩. અંગ ૩ ઈષ્ટ બંદીક પ્રીછકો ........ ૩૪
૪. અંગ ૪ પ્રતિમા પૂજા સમજકો ........ ૪૧
૫. અંગ ૫ અભે શબ્દ ઉચ્ચારન જડ ચૈતન પ્રીછકો ........ ૪૯
૬. અંગ ૬ ઈષ્ટવાદ પક્ષ નિર્ણયકો ........ ૫૬
૭. અંગ ૭ નિરાલંબ સ્થાપનકો ........ ૬૨
૮. અંગ ૮ અહંગ આપ અનવે અવ્યક્તકો ........ ૬૮
૯. અંગ ૯ આન્ય આધીન અનવે કો ........ ૭૪
૧૦. અંગ ૧૦ સંશે વિવ્યકત પરિઉત્તરકો........ ૮૧
૧૧. અંગ ૧૧ મહદ્ અગાધ બ્રહ્મ દ્દષ્ટાન્તકો ........ ૮૯
૧૨. અંગ ૧૨ અદબદ બ્રહ્મ અનુક્રમ સમજ સિદ્ધાંત નરણેકો........ ૯૭
૧૩. અંગ ૧૩ સકર્તા સિદ્ધાંત નર્ણેકો ........ ૧૦૪
૧૪. શાસ્ત્ર પક્ષ નિવૃત કરન સમજકો........ ૧૧૧
૧૫. અંગ ૧૫ સિદ્ધાંત નિર્ણયકો ........ ૧૧૮
૧૬. અંગ ૧૬ અદ્વૈતા-દ્વૈત રમણ દરશાવનકો ........ ૧૨૫
૧૭. અંગ ૧૭ કર્તા અંશ આપ નિજ નિર્ણયકો........ ૧૩૩
૧૮. અંગ ૧૮ અભે મોજ દેખાવનકો........ ૧૪૨
૧૯. અંગ ૧૯ શીલવંત સાક્ષી દેખાવનકો ........ ૧૫૦
૨૦. અંગ ૨૦ અંશ અનુસુત દેખાવન દ્દષ્ટાન્તકો ........ ૧૫૭
૨૧. અંગ ૨૧ બ્રહ્મ હીરણ્યગ્રભ દેખાવનકો અંગ ........ ૧૬૪
૨૨. અંગ ૨૨ ગર્ભ વિવ્યક્ત પરિઉત્તરકો ........ ૧૭૧
૨૩. અંગ ૨૩ ઈશ્વર ગર્ભ દ્દષ્ટાંતકો ........ ૧૭૭
૨૪. અંગ ૨૪ સંત રહેશ કો ........ ૧૮૪
૨૫. અંગ ૨૫ સંત સકર્તા અનુસ્યુત સંશે દૂર પરિઉત્તરકો ........ ૧૯૧

૨૬. અંગ ૨૬ નેતિ નિરાજન વિશ્વ ઉત્પન્ન દેખાવનકો .................... ૧૯૮
૨૭. અંગ ૨૭ અભ્યાસ અન્યવકો .................................. ૨૦૫
૨૮. અંગ ૨૮ આત્મા સર્વાંગ અનુસ્યુત દેખાવનકો ........................ ૨૧૨
૨૯. અંગ ૨૯ વાદ વંછીત વૈરાગકો .................................. ૨૧૯
૩૦. અંગ ૩૦ દ્વૈત સમાવનકો ........................................ ૨૨૭
૩૧. અંગ ૩૧ હરી બોલ સંતમુખ દ્દષ્ટાંતકો ............................ ૨૩૪
૩૨. અંગ ૩૨ દેહ અવ્યક્ત સંત દ્દષ્ટાંત દેખાવનકો ....................... ૨૪૦
૩૩. અંગ ૩૩ સંત સદેહ નિધ સમાવન કો ............................ ૨૪૬
૩૪. અંગ ૩૪ અદ્વૈત ત્રધા પ્રસંગ કો .................................. ૨૫૨
૩૫. અંગ ૩૫ સંત સેવા નીતિ કો ...................................... ૨૫૮
૩૬. અંગ ૩૬ ભક્તિ પડનાલિકાકો .................................... ૨૬૫
૩૭. અંગ ૩૭ પ્રથમો આદરકો ........................................ ૨૭૨
૩૮. અંગ ૩૮ અતિ આદરકો .......................................... ૨૭૮
૩૯. અંગ ૩૯ બ્રહ્મ મિલન આદરકો...................................... ૨૮૪
૪૦. અંગ ૪૦ આદર વિવ્યક્ત કરનકો .................................. ૨૯૦
૪૧. અંગ ૪૧ આદર અનુસુત મોક્ષફલ ઉપજકો.......................... ૨૯૭
૪૨. અંગ ૪૨ આદર સાર સિદ્ધાંતકો .................................. ૩૦૩
૪૩. અંગ ૪૩ વિશ્વકર્તા નિયંતાયકો...................................... ૩૧૧
૪૪. અંગ ૪૪ ભવ ઉતપન કરણ દેખાવનકો ............................ ૩૧૮
૪૫. અંગ ૪૫ નિધ અંતસકરણ દેખાવનકો ............................... ૩૨૪
૪૬. અંગ ૪૬ વિશ્વ લીન કરનકો ...................................... ૩૩૦
૪૭. અંગ ૪૭ કૈવલ અદ્વૈત-દ્વૈત રમણ સાક્ષીકો ........................... ૩૩૭
૪૮. અંગ ૪૮ કૈવલ સ્થિર ઉપાધિ દરસ કલાકો .......................... ૩૪૩
૪૯. અંગ ૪૯ ચરમ સ્થૂળ સૂક્ષ્મ કારણ મહાકારણ બરનનકો ............... ૩૫૦
૫૦. અંગ ૫૦ ઉપાધિ રહિત કૈવલ નિર્ણયકો............................ ૩૫૬
૫૧. અંગ ૫૧ સંત સાહેબ એકમેક જીવન જાની શકતે કો .................. ૩૬૪
૫૨. અંગ ૫૨ અદ્વૈતા દ્વૈત તીત લક્ષ દેખાવનકો .......................... ૩૭૨
૫૩. હંસતાલેવા ગ્રંથની સાખીઓ ........................................ ૩૭૯
ચોપાઈ અનુસુચી .............................................. ૩૯૪

# મંગલાચરણ

**ૐ પરમપત સક્ત સર્જન, આદ્ય અવિગત સદ;**
**સકલ સિદ્ધાંત મતંત અંત, કારણ પરમીત પદ. ૧**

### શબ્દાર્થ

**ૐ** = વેદનો પહેલો અને પવિત્ર પૂર્ણ પ્રાણાયામ એક એકાક્ષરી મંત્ર **પરમપત** = પરમપતિ **સક્ત** = બ્રહ્મમાં નિર્માણ થયેલ સઘળી રચનાના સર્જનહાર **સર્જન** = ઉત્પત્તિ, રચના **આદ્ય** = મૂળ આરંભના, પ્રથમ પુરાણા, **અવિગત** = જેમનું વર્ણન ન કરી શકાય એવું પદ, નિત્ય **સદ** = નક્કી, સત્ય **સકલ** = સર્વ, બધા જ **સિદ્ધાંત** = પ્રતિપાદિત વિચારધારા, પ્રમાણ આપીને પુરવાર કરેલ મત, સંપ્રદાય **મતંત** = અલગ-અલગ મંતવ્ય ધરાવતા, માન્યતા, અભિપ્રાય **અંત** = છેવટ, અવધિ, હદ, સીમા, મર્યાદા, આખરનું **કારણ** = કાર્યની ઉત્પતિનું મૂળ, બીજ **પરમીત** = પરમ શ્રેષ્ઠ પદ **પદ** = સ્થાન.

### અનુવાદ

**ૐ કાર વાણીથી પર રહેલ પરમપતિ સર્જનહાર સક્ત, આદ્ય, અવિગત અને સત્ય છે. સર્વે મત મતાંતરોવાળા સિદ્ધાંતોના છેવટ હોઈ તેમનું પદ કારણ રૂપે હોઈ પરમ શ્રેષ્ઠ છે.**

### ભાવાર્થ

ૐ કાર વાણીથી પર રહેલા મહાન પતિ સર્જનહાર બ્રહ્મમાં નિર્માણ થયેલ સઘળી રચનાના રચનાર છે. તેઓ સૃષ્ટિના આદિ (આરંભના) પુરાણા, અવિગત અને અવિનાશી છે. વિશ્વભરના સર્વ અલગ-અલગ જ્ઞાનયુક્ત પ્રતિપાદિત સગુણ અને નિર્ગુણ વિચારધારાઓ ધરાવતા સિદ્ધાંતનો અંત નિશ્ચિત છે, જ્યારે સર્જનહારનું પરમ પદ ઉત્પતિના મૂળ રૂપે પરમ શ્રેષ્ઠ છે. ઉપરાંત તે સર્જનહાર સર્વ દૃશ્ય અને અદૃશ્ય રચનાના કારણ રૂપે છે.

**જગ જીનું અનીત ઉપાસ, તાસુ નાં વંદિત વિનું વિત્ત;**
**કરીત કરત ઉચ્છેદ ભેદ, ભવ ભરમીત હી જીત. ૨**

### શબ્દાર્થ

**જગ** = જગત, વિશ્વ **જીનું** = જેનું **અનીત** = અનિત્ય, નાશવંત, ખંડિત **ઉપાસ** = ઉપાસના, સેવા, ભક્તિ **તાસુ** = તેનું **નાં** = નહીં **વંદિત** = વંદવા લાયક, પૂજ્ય, આદરણીય **વિનુ વિત્ત** = વિત્ત વગરનું, સારરૂપ, તત્ત્વ વગરનું **કરીત** = કરીને **કરત** = કરું છું **ઉચ્છેદ** = નિકંદન, સમૂળગો વધ, નાશ, વિશ્લેષણ કરી છૂટું પાડવું, જડમૂળથી ઉખેડી નાખવાપણું **ભેદ** = રહસ્ય, મર્મ, તફાવત **ભવ** = જગત, વિશ્વ **ભરમીત** = ભરમાવવું, ભ્રાંતિ હોવી, ખોટે રસ્તે દોરવું **હી** = જ **જીત** = જેનાથી, જેના દ્વારા, થકી.

### અનુવાદ

**જગત જેની ઉપાસના કરે છે, તે નાશવંત અને વિત્ત વગરની છે. જેમાં દિવ્યપદની વંદના નથી. જગત જેમાં ભરમાયું છે તેવા કૃતવી સિદ્ધાંતોનું ઉચ્છેદન કરી ભેદ બતાવું છું.**

### ભાવાર્થ

આ સમસ્ત જગતના માનવો ભ્રમણાયુકત અને વિત્ત સિવાયની નાશવંત કૃતવી ઉપાસનાઓમાં જ વળગી રહ્યા છે. કોઈએ વિશ્વના કારણરૂપ જે સર્જનહાર છે તેમને જાણવા પણ પ્રયત્ન કર્યો નથી. તેથી તે સારરૂપ મુદ્દો અજાણ રહ્યો હોવાથી તેની ભક્તિ કોઈ કરતું નથી. પરમગુરુ સર્વ સિદ્ધાંતોના સાર (નિત્ય) અને અસાર (અનિત્ય) શું છે ? તેનો ભાગ ત્યાગ કરીને ભેદ બતાવે છે અને પ્રમાણ સહિત સત્ય મુદ્દા રૂપ સર્જનહારને દર્શાવી સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરે છે.

**ઉભયે કરીત ઉપાસ, હિંદુ ઓરુ તુરક તરન ગત;**
**મેટ ધરહુ મત દોઈ સોય, પ્રતિવાદ વદિત અત. ૩**

### શબ્દાર્થ

**ઉભયે** = બન્ને **કરીત** = કરે છે **ઉપાસ** = ઉપાસના, ભક્તિ **હિંદુ** =વેદ, સ્મૃતિ, પુરાણ અને બીજા શાસ્ત્ર ઉપર રચાયેલા ધર્મમાં માનનાર અનુયાયી **ઓરુ** = અને **તુરક** = ઈસ્લામ ધર્મને પાળનાર, મુસ્લિમ- મુસલમાન, મહંમદ પેગંબરને માનનાર **તરન** = તારવા માટે, મુક્તિ મેળવવા માટે **ગત** = સમજ, મતિ, સ્થિતિ, હાલત **મેટ** = આગેવાનો એ **ધરહુ** = ધારણ કરેલ છે પહેલેથી જ, શરૂઆતથી, આરંભથી, પ્રમાણભૂતપણું **મત** = માન્યતા, અભિપ્રાય, ધાર્મિક પંથ,

સંપ્રદાય, મજહબ **દોઈ** = બંને **સોય** = તેમને **પ્રતિવાદ** = વિરોધાત્મક ખંડન, વિરોધી જવાબ, વાદ **વદિત** = બોલવું, કહેવું **અત** = ઘણું, વધારે, અધિક, વિશેષ.

## અનુવાદ

**હિંદુ અને મુસલમાન બન્ને મુક્તિ મેળવવા માટે જ સમજપૂર્વક ઉપાસના કરે છે બન્નેના આગેવાનોએ ધારણ કરેલ માન્યતાના વાદ-વિવાદને દૂર કરી વિશેષ વાણી દ્વારા સમજાવીશ.**

## ભાવાર્થ

વિશ્વમાં વેદ આધારિત હિંદુ ધર્મના (પંથો, સંપ્રદાયો) અનુયાયીઓનો તેમજ મહમદ પેગંબરે સ્થાપેલ ઈસ્લામ ધર્મને માનનાર અનુયાયી એમ બન્નેનો અંતિમ લક્ષ મુક્તિ મેળવવાનો જ છે. તેઓ પોતપોતાની માન્યતા અને સમજપૂર્વક ઉપાસના-મજહબ કરે છે. મુસલમાન જેને અલ્લાહ અર્થાત્ ખુદા માને છે, તેને જ હિંદુઓ નિરંજન તરીકે સ્વીકારે છે. આ બન્ને ધર્મોની માન્યતાના વાદ-વિવાદને દૂર કરાવવા પરમગુરુ વિશેષ સમજ દ્વારા સાચા સર્જનહારના પદને સમજાવીને સ્થાપિત કરે છે.

**સર કરી સરવ સમેટ, નેટ કરુ પરમ સથાપન;**
**વસહી જાંહી કૈવલ કુલ, એકલ મલ આપન. ૪**

## શબ્દાર્થ

**સર કરી** = જીતીને, તાબે કરીને, આધીન કરીને **સરવ** = સર્વ, બધું જ, તમામ **સમેટ** = સહિત, સુદ્ધાં આટોપવું, લંબાણ ન કરતાં ટૂંકમાં પતાવી દેવું **નેટ કરુ** = નક્કી કરું **પરમ** = પરમપદ, શ્રેષ્ઠ પદ **સથાપન** = સ્થાપન કરવું, સ્થાપવું **વસહી** = વસે છે, રહે છે મૂકામ **જાંહી**= જ્યાં **કૈવલ** = અંશોના સજાતીય કર્તા **કુલ** = કુળ, વંશ **એકલ મલ** = એકલા જ, અદ્વિતિય **આપન** = પોતે.

## અનુવાદ

**સર્વ માન્યતાઓને સર કરીને અર્થાત્ જીત મેળવીને જ્યાં આપણા વંશજ**

**એવા અદ્વિતીય કૈવલકર્તા વસે છે તે પરમપદનું નક્કી કરીને સ્થાપન કરીશ.**

## ભાવાર્થ

વિશ્વમાં ચાલતી અનેક વિવિધ માન્યતાઓમાં વસ્તુરૂપ સર્જનહારનું પદ અજાણ રહેલું છે અને જે સર્વોચ્ચ પદનું સ્થાપન કર્યુ છે તે સર્જનહારનું પદ નથી, પરંતુ તેમની રચના અંગેનું ખંડિત પદ છે જેને પરમગુરુ જ્ઞાન દ્વારા સમજાવીને પોતાના અંશ સ્વરૂપની ઓળખાણ કરાવે છે અને અંશના સજાતીય સર્જનહાર અંગેની સાચી સમજ સ્થાપિત કરે છે. વળી ન્યાયપૂર્વક નક્કી કરી સર્વના કારણરૂપ સકર્તા સર્જનહાર એક કૈવલકર્તા પોતે જ છે તેવું નિર્ણય કરીને બતાવે છે. તેમજ પ્રતિવાદીને પરાસ્ત કરી તેના સંશયોને ન્યાયપૂર્ણ રીતે પૂરવાર કરીને સત્ય વસ્તુરૂપ પરમપદનું સ્થાપન કરી વાદી તરીકે જીત મેળવે છે. જેથી વિશ્વમાં સર્જનહાર માટે ચાલતા વાદ-વિવાદનો અંત આવે.

**જીનું નરણીત વિત્ત વેત, જેત જીનુ સરલ સભાસન;**
**જેહી કરતા કરુણેશ દેશ, જીનુ સહિત ઉપાસન. ૫**

### શબ્દાર્થ

**જીનું** = જેનો **નરણીત** = નિર્ણય કરીને **વિત્ત** = સારરૂપ મુદ્દો (અંશ) **વેત** = વેશ, સ્વરૂપ **જેત** = જે, જીનુ, જેનું **સરલ** = સરળ, નિખાલસ રીતે નિષ્કપટથી **સભાસન** = સારી રીતે, પ્રકાશમય કરીશ, સમજ પડે તે રીતે દર્શાવીશ **જેહી** = જેના **કરતા** = કર્તા, કરનાર, બનાવનાર, **કરુણેશ** = કરુણાઓના ઈશ **દેશ** = સ્થાન, રહેઠાણનો મુલક **જીનું** = જેનું **સહિત** = સાથો સાથ, જોડે **ઉપાસન** = ઉપાસના, ભક્તિ.

## અનુવાદ

**વિત્તરૂપ મુદ્દા (અંશ)ના સ્વરૂપને નિર્ણયપૂર્વક સરળ રીતે દર્શાવીશ અને તેના કર્તા જે કરુણેશ છે તેના સ્થાન (પરમપદ) સહિત તેમની ઉપાસનાને બતાવીશ.**